| GJAR040012382022 | | કેસ દાખલ થયાની તા. | ૦૭/૧૧/૨૦૨૨ |
|---|---|---|---|
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૭/૧૧/૨૦૨૨ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૭/૦૪/૨૦૨૫ |
| | सत्यमेव जयते | સમયગાળો : વર્ષ–૦૨ , મહિનો–૦૫ , દિવસ–૦૦ | |

---

**મેઘરજ તાલુકાના મહેરબાન એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ**

---

**ક્રિમીનલ કેસ નંબર– ૧૦૭૬/૨૦૨૨**
**આંક–**

---

**ફરીયાદી:** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:** મહમદયુસુફ મહમદખલીલ પઠાણ
રહે. ૩૭ તાજપીર ટેકરા સરખેજ અમદાવાદ, તા. જી. અમદાવાદ

---

**ગુન્હો:– ગુજરાત પ્રોહીબિશન અધિનીયમની કલમ – ૬૫ (એ)(ઈ), ૧૧૬ બી, ૯૮(૨) મુજબ**

---

ફરિયાાદ પક્ષ તરીકે વિ. એ. એન. સૈની
આરોપી પક્ષ તરિકે વિ.વ.શ્રી એસ.એમ.બાકરોલીયા

---

**–: જજમેન્ટ :–**

**(૧)** આ કામના ફરીયાાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૧૨/૨૦૧૮ ના કલાક ૧૯/૦૦ વાગે ઉન્ડવા ચેક પોસ્ટ આગળ રોડ ઉપર આ કામના આરોપી પોતાના કબ્જાની નંબર વગરની પીળા કલરની એક્ટીવા ટુ વ્હીલર જેનો નં. આઇએફ ૫૦એ૭ ૭૧૪૨૧૨૯ ની ડીકીમાં ભારતીય બનાવટના દેશી

દારૂની બોટલ નંગ ૨ કિ.રૂ. ૧૨૦૦/– તથા એક્ટીવાની કિ.રૂ. ૪૦૦૦૦/–ની મળી કુલ કિ.રૂ. ૪૧૨૦૦/– નો પ્રોહી મુદ્દામાલ પ્રતિબંધક એરીયામાં હેરાફેરી કરતા મળી આવી પકડાઇ જઇ ગુન્હો કર્યા બાબત આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન એક્ટની કલમ : ૬૫ (એ)(ઈ), ૧૧૬ બી, ૯૮(૨) મુજબના ગુના સબબનુ ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) સદર કેસના સમન્સની આરોપીને કાયદેસરની બજવણી થઈ જતા તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અંગેની ખાત્રી આંક–૧ લગત કરેલ છે. ત્યારબાદ આંક– ૦૬ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આંક– ૦૭ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી ગોપાલચંન્દ્ર હરીચંન્દ્ર ની જુબાની | ૧૦ |
| ૦૨ | ફરીયાદ | ૧૧ |
| ૦૩ | ત.ક.અ. વાલજીભાઈ ધુળાભાઈ ની જુબાની | ૧૩ |
| ૦૪ | પંચનામુ | ૧૪ |
| ૦૫ | પોલીસ સાહેદ ફ્રાન્સીસભાઈ લક્ષ્મણભાઈ ની જુબાની | ૧૭ |
| ૦૬ | પંચ સાહેદ ઇમરાનભાઇ ઇસ્માઇલભાઈ કુંભાર ની જુબાની | ૧૯ |
| ૦૭ | પંચ સાહેદ અબ્દુલરજાક ફકીરમહંમદ કુંભાર ની જુબાની | ૨૧ |

(૪) ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેમણે ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૫) કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: <u>મુદ્દાઓ</u> :-**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપીએ ધી પ્રોહી. એકટની કલમ- ૬૫ (એ)(ઈ), ૧૧૬ બી, ૯૮(૨) મુજબ શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>-:કારણો:-</u>**

(૭) (૧) આ કામનાં આરોપી સામે પોલીસે પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ (એ)(ઈ), ૧૧૬ બી, ૯૮(૨) મુજબનાં ગુનાનું ચાર્જશીટ આ અદાલત સમક્ષ રજુ કરવામાં આવતાં આરોપીને સમન્સ કરતાં આરોપીએ આ અદાલત સમક્ષ હાજર થાય છે, અને આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળી ગયાં બાદ આંક - ૦૬ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આંક- ૦૭ થી આરોપીની પ્લી લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા તેઓની સામેની ગુનાની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં જોઈએ તો, આ કામે આંક- ૧૯ થી પંચ સાહેદ ઈમરાનભાઈ ઈસ્માઈલભાઈ કુંભાર તથા આંક-૨૧ થી પંચ સાહેદ અબ્દુલરજાક ફકીરમહંમદ કુંભાર નાઓને ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલાં છે. પરંતુ આ પંચ સાહેદો તેમની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ફરીયાદપક્ષ ધ્વારા આ પંચો ને ફરી ગયેલાં જાહેર કરવાની અરજ કરતાં આ કામના પંચસાહેદોને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં

છે અને ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરુ પાડેલ નથી. આંક– ૧૪ થી મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામાને રજુ કરવામાં આવેલ છે. જે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

ત્યારબાદ આ કામનાં ફરીયાદી ગોપાલચંન્દ્ર હરીચંન્દ્ર ને આંક– ૧૦ થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે અને આંક– ૧૧ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, ઉન્ડવા ચેક પોસ્ટ રાજસ્થાનની સરહદની નજીક આવેલુ છે. એ વાત ખરી છે કે, પંચોના નામ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, અમારે ઉપર અધિકારીની સુચના મુજબ પ્રોહીના કેસો કરવા પડે છે. એ વાત ખરી છે કે,પકડાયેલ ઈસમનું કોઈ આઈડી પ્રુફ અમોએ સ્થળ ઉપર ચકાસેલ નથી. એ વાત ખરી છે કે, પકડાયેલ મુદ્દામાલ વાહનના માલીકી અંગેના પુરાવા ચકાસેલ નહી. એ વાત ખરી નથી કે,ગણીવાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત ખરી છે કે,એફએસએલ રીપોર્ટ સીવાય સીલબંધ બોટલમા શુ હતુ તે ચોકકસ કહી ના શકાય. એ વાત ખરી છે કે તમે મળી આવેલ મુદદામાલ બાબતે કોઈ પણ કંપનીનું કર્મચારી કે અધિકારી સાથે ખરાઈ કે પત્ર વ્યવહાર કરેલ નથી. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ મળી આવેલ હોય કામગીરી બતાવવા આરોપી ઉપર ખોટો કેસ કરેલ. એ વાત ખરી નથી કે,સોગંધ ઉપર ખોટો પુરાવો આપુ છુ.

ત્યારબાદ આ કામનાં ત.ક.અ. વાલજીભાઈ ધુળાભાઈને આંક – ૧૩ થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, ઉન્ડવા ચેક પોસ્ટ રાજસ્થાનની સરહદની નજીક આવેલુ છે. એ વાત ખરી છે કે, પંચોના નામ ફરીયાદ તથા સાહેદોના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, અમારે ઉપર અધિકારીની સુચના મુજબ પ્રોહીના કેસો કરવા

પડે છે. એ વાત ખરી છે કે,પકડાયેલ ઈસમનું કોઈ આઈડી પ્રુફ અમોએ સ્થળ ઉપર ચકાસેલ નથી કે પંચનામાની રૂએ કબ્જે કરી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પકડાયેલ મુદ્દામાલ વાહનના માલીકી અંગેના પુરાવા ચકાસેલ નહી કે પંચનામાની રૂએ કબ્જે કરી રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે,ગણીવાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત ખરી છે કે,એફએસએલ રીપોર્ટ સીવાય સીલબંધ બોટલમા શુ હતુ તે ચોકકસ કહી ના શકાય. એ વાત ખરી છે કે આ કામે કોઈ એફએસએલ રીપોર્ટ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તમે મળી આવેલ મુદદામાલ બાબતે કોઈ પણ કંપનીનું કર્મચારી કે અધિકારી સાથે ખરાઈ કે પત્ર વ્યવહાર કરેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો છે અને વાહનોની સતત અવરજવર રહે છે. એ વાત ખરી છે કે આ કામના સાહેદો પોલીસ સાહેદો છે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ મળી આવેલ હોય કામગીરી બતાવવા આરોપી ઉપર ખોટી ફરીયાદ કરી ખોટી રીતે અટક કરી પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે,સોગંધ ઉપર ખોટો પુરાવો આપુ છુ.

ત્યારબાદ આ કામનાં પોલીસ સાહેદ ફ્રાન્સીસભાઈ લક્ષ્મણભાઈ ને આંક – ૧૭ થી તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, ઉન્ડવા ચેક પોસ્ટ રાજસ્થાનની સરહદની નજીક આવેલુ છે. એ વાત ખરી છે કે, પંચોના નામ જવાબમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, અમારે ઉપર અધિકારીની સુચના મુજબ પ્રોહીના કેસો કરવા પડે છે. એ વાત ખરી છે કે, પકડાયેલ ઈસમનું કોઈ આઈડી પ્રુફ અમોએ સ્થળ ઉપર ચકાસેલ નથી. એ વાત ખરી છે કે, પકડાયેલ મુદ્દામાલ વાહનના માલીકી અંગેના પુરાવા ચકાસેલ નહી. એ વાત ખરી નથી કે,ગણીવાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત

ખરી છે કે,એફએસએલ રીપોર્ટ સીવાય સીલબંધ બોટલમા શુ હતુ તે ચોકકસ કહી ના શકાય. એ વાત ખરી છે કે તમે મળી આવેલ મુદદામાલ બાબતે કોઈ પણ કંપનીનું કર્મચારી કે અધિકારી સાથે ખરાઈ કે પત્ર વ્યવહાર કરેલ નથી. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ મળી આવેલ હોય કામગીરી બતાવવા આરોપી ઉપર ખોટો કેસ કરેલ. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટો પુરાવો આપુ છુ.

આ કામે પડેલ પુરાવો તથા ફરીયાદી તથા પંચોની જુબાની ધ્યાનમાં લેવામાં આવે તો, આ કામે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. જયારે આ કામે ફરીયાદીએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર લોકો અને વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે પરંતુ કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી, જે બનાવ વાળી જગ્યાએથી મળી શકે તેમ હતાં. જે વાહન લઈને ગયેલા તેનો નંબર ફરીયાદ મા તથા સાહેદનો નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, પંચના નામ ફરીયાદમાં તથા નીવેદનો મા લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, અમારે ઉપર અધિકારીની સુચના મુજબ પ્રોહીના કેસો કરવા પડે છે. એ વાત ખરી છે કે, સ્થળ ઉપર થી કોઈ ઈસમ પકડાયેલ નથી .એ વાત ખરી છે કે, પકડાયેલ મુદ્દામાલ ના ખેતરની માલીકી અંગેના પુરાવા ચકાસેલ નહી. એ વાત ખરી છે કે,ગણીવાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત ખરી છે કે,મળી આવેલ બોટલો સીલંબધ હતી. એ વાત ખરી છે કે,એફએસએલ રીપોટ સીવાય સીલબંધ બોટલમા શુ હતુ તે ચોકકસ કહી ના શકાય. એ વાત ખરી છે કે આ કેસ ના તમામ સાહેદો પોલીસ સ્ટાફના માણસો છે. એ વાત ખરી છે કે મે તપાસ ના કામે મે સ્વતંત્ર સાહેદ નુ નીવેન લીધેલ નથી.એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ મળી આવેલ હોય કામગીરી બતાવવા આરોપીઓ ઉપર ખોટો કેસ કેસ કરી ખોટી તપાસ કરી પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાજર્શીટ કરેલ છે. વધુમાં આ કામે ઉપરોકત સંજોગો ધ્યાને લેતા\ SATHISH MEHRA VS DELHI ADMINISRATION 96 (3) CRIMES,85 નાં ચુકાદામાં નામ.ઉચ્ચ

અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી. અને વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે એવુ પણ નિરીક્ષણ કરેલ છે કે, when Judge is fairy certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a only for proposes of formally completing the proposes to provision the conclusion on future date. વધુમાં જયારે વિદેશી દારૂ હોય ત્યારે દરેક બોટલો ઉપર પંચોની સહી લેવી જોઈએ. જો દરેક બોટલ ઉપર પંચોની સહી લેવામાં આવેલ ન હોય, ત્યારે **જી.એલ.આર. ૧૯૯૧(૧) પેજ નં. ૪૪૩ (ધીરજલાલ ગાંડાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત)** ના ચુકાદામાં નામ.હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ બોમ્બે પ્રોહી. કલમ–૧૧૬(બી) મુજબનુ અનુમાન કરી શકાય નહીં. વધુમાં પ્રોહી.કલમ–૧૧૬ (બી) મુજબ જયારે આરોપીઓ પાસેથી નામી બ્રાન્ડની બોટલો મળી આવેલ હોય, ત્યારે પૃથ્થકરણની જરૂરીયાત રહેતી નથી. પરંતુ તે માટે પંચોની સહીવાળી કાપલી ધ્વારા બોટલો શીલ કરવી જોઈએ અને જો તે રીતે શીલ કરવામાં આવેલ ન હોય અને પં ચોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય, પ્રોહી.કલમ–૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહી. વધુમાં આવા પ્રકારના ગુનામાં ફરીયાદપક્ષે કઈ–કઈ હકીકત પુરવાર કરવી પડે તે અંગે નામ.હાઈકોર્ટ **૧૯૯૨(૨) જી.એલ.એમ.(યુ.જે.૨૦) ગુલાબ રણછોડ વિ.ગુજરાત રાજ્ય** ના કેસમાં નીચે મુજબના તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા પડે,

૧) આરોપીના કબ્જામાંથી શીલબંધ બોટલો મળી આવેલ,

૨) આવી શીલબંધ બોટલો ઉપર કંપનીનું અસલ લેબલ હતુ,

૩) આવુ લેબલ જાણીતી દારૂની બ્રાન્ડનુ તેમાં વ્હીસ્કી, બ્રાન્ડી દર્શાવતુ હોવુ જોઈએ. અને તેના ઉપર ઉત્પાદકનું નામ દર્શાવેલ હોવુ જોઈએ.

આમ, ઉપરોકત પરીપેક્ષમાં આ કેસમાં મૂલ્યાંકન કરતા જોઈએ તો,

બોટલો કઈ બ્રાન્ડ ની હતી તથા તે બોટલ ઉપર કંપનીનું નામ જણાવવામાં આવેલ હોય તેવુ તથા સદરહુ બોટલોનું શીલ અસલ હોવા બાબતે કોઈ વેરીફીકેશન કરવામાં આવેલ હોય તેવુ તથા તે બોટલની કંપનીના કોઈ અધિકારીનું નિવેદન લેવામાં આવેલ હોય તે બાબતે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, આરોપીના સભાન કબ્જામાંથી દારૂ મળી આવેલ હોય તેવો પુરાવો ફરીયાદપક્ષે નિ:શંકપણે રજુ થયેલ નથી. આમ, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે આ હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવી જોઈએ, જે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે કે, મુદ્દામાલ બોટલો કંપની શીલપેક લેબલવાળી શીલબંધ હતી અને બોટલોમાં પ્રતિબંધિત કેફી પીણુ હતુ. આમ, આરોપીઓને ગુનાના કામે સાં કળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને સજા કરી શકાય નહીં. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત સંજોગો અને હકીકતોને ધ્યાનમાં લેવામા આવે તો ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ તેમ ન હોય તેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## **–: આખરી હુકમ :–**

**(૧)** આ કામે મેઘરજ પોલીસ સ્ટેશન થર્ડ ગુના નં. ૫૨૯૧/૨૦૧૮ ના કામે મહમદયુસુફ મહમદખલીલ પઠાણ રહે. ૩૭ તાજપીર ટેકરા સરખેજ અમદાવાદ, તા. જી. અમદાવાદનાઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮(૧) હેઠળ પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઈ), ૧૧૬ બી, ૯૮(૨) મુજબનાં સજાને પાત્ર ગુન્હાંમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્ધામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને તેમાં મુકેલ શરતો અપીલ સમય બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્ધામાલ સંબંધે કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો કબજે કરેલ મુદ્ધામાલ અપીલ સમય બાદ નીયમોનુસાર સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે .

**(૩)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂ સેન્ટ્રલ એકસાઈઝ કચેરી, મોડાસાને નિયમોનુસાર યોગ્ય નિકાલ અર્થે અપીલ સમય બાદ મોકલી આપવો.

**(૪)** આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ હુકમ આજ તારીખ–૦૭ મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૫ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા.૦૭/૦૪/૨૦૨૫**<br>**સ્થળ : મેઘરજ** | **(મોહમંદસલીમ જહાંગીરભાઈ ખોજજાદા)**<br>**એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં. જી.જે.૦૧૦૨૦)** |